॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૮ | એપ્રિલ ૧૯૮૮ | અંક ૫

## વાલીઓને,

### જાહેર પરીક્ષાના બોધપાઠ

થોડા દિવસ પહેલાં શ્રેણી ૧૦ની અંગ્રેજીની પરીક્ષાની આગલી રાતે અંગ્રેજીના પ્રશ્નપત્રની ઝેરોક્ષ નકલ મળી, છાપેલા પ્રશ્નપત્રની જ નકલ હતી. કૉડ નંબર વગેરે બિલકુલ બોર્ડના પ્રશ્નપત્રની જ ઝેરોક્ષ હોય તેવી છાપ ઉભી કરે. બીજે દિવસે સવારે શાળાએ આવતાં જણાયું કે બોર્ડે ઓકટોબર માસમાં એક નમૂનાનું પ્રશ્નપત્ર શાળાઓને મોકલ્યું હતું તેની ઝેરોક્ષ નકલો તૈયાર કરી કોઈએ આબાદ રીતે સારી એવી બનાવટ કરી ઠીક ઠીક રકમ મેળવી હશે.

જે વિદ્યાર્થીઓને આ પ્રશ્નપત્ર સાચું માની પરીક્ષા ખંડમાં માનસિક આઘાત થયો હશે તે નુકશાનનું શું? વિદ્યાર્થીઓ તો અણસમજુ છે પણ માબાપો આ દિવસોમાં આ વ્યાપારી પ્રવૃતિમાં સક્રિય બની ભાગ ભજવે છે એનાથી વિદ્યાર્થીઓને જે નુકસાન થાય છે તે જેટલું વહેલું સમજાય તે સૌના લાભમાં છે.

ગણિતના પ્રશ્નપત્રમાં આગળના વર્ષનું ૭૫% જેટલું પુછાયું એવું અનુમાન છે. આ વસ્તુ ક્ષતીપૂર્ણ તો છે જ પરંતુ આગળના વર્ષમાં આ પુછાઇ ગયું હોઈ તે તયાર કરવું જરૂરી નથી એવી મનોવૃતિવાળા માટે બોધપાઠ પણ છે ખરો. આટલું વિકલ્પમાં નીકળી જશે, આટલું તૈયાર નહી કરીએ તો ચાલશે તે મનોવૃતિ "વિદ્યાર્થી" માટે સારી નથી. વિચાર કરીએ, આપણા મૂળાક્ષરોના ચારેક અક્ષર જ બાળકને તૈયાર ન કરાવીએ તો ભાષા કેવી પાંગળી બની જાય? અભિવ્યક્તિ ઉપર કેવી મર્યાદા આવી જાય?

જયારે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યનો સવાલ હોય ત્યારે પ્રશ્નપત્ર કઢણુ કે લાંબુ કે સાવ અનપેક્ષિત ન બને તે જોવાની ગંભીર જવાબદારી બોર્ડની છે તેનો સ્વીકાર કરીને પણ વિદ્યાર્થી આવી અણચિંતવી ઘડીમાં સ્વસ્થતાથી પોતાની પરીક્ષા આપી શકે એમ તૈયાર કરવો તે આપણી જવાબદારી આપણે સ્વીકારીએ. આપણો પોતાનો અભિગમ તો વિદ્યાર્થી 'પરીક્ષાર્થી' નહીં 'વિદ્યાર્થી' જ રહે તેવો રાખીશું તો પરીક્ષાર્થી તરીકે તે નિષ્ફળ નહીં જાય તેવો મને વિશ્વાસ છે. આ જાહેર પરીક્ષા માટે આપણો આ કિમતી બોધપાઠ છે.

દિનુભાઇના વંદન

## મારી કેટલ-કેમ્પની મુલાકાત

એક ગાય ભૂખે મરતી હોય તેને ઘાસચારાની જરૂર હોય અને જો આપણે તે માટે કશું જ ન કરી શકીએ તે કેમ ચાલે? એમની જરૂરીઆતો પૂરી કરી તેમને જીવતદાન આપવું એ આપણા સૌની ફરજ બની રહે છે. અક્ષરપુરૂષો- સંસ્થાએ આ માટે બહુ ભગીરથ કામ ઊપાડી લીધું છે. ને કેટલાય પશુઓને મોતનાં મુખમાંથી ઉગાર્યા છે.

તા. ૧૩મી માર્ચનાં રોજ અમને બોચાસણનો આવો કેટલકેમ્પ જોવાની તક મળી, ત્યાં અનેક પશુઓને મોતનાં મુખમાંથી બચાવવામાં આવ્યાં છે એટલું જ નહિ પણ તેમને તંદુરસ્તી પણ બક્ષવામાં આવી છે ત્યાંની મુલાકાત વખતે ઘણાં બધાં પશુઓને જોતાં જોતાં મેં એક ગાયનું નિરીક્ષણ કર્યું, એની આંખમાં સંતોષની એક ચમક જણાતી હતી; એવી જ રીતે એક ગાય એવી હણહણી રહી હતી કે જાણે મદદ માટે આજીજી કરી રહી ન હોય!

આખાય કેમ્પની વ્યવસ્થા આઠ સંતો તનતોડ મહેનત કરી સંભાળી રહ્યા છે. ચાલીને ન આવી શકે તેવાં પશુ માટે વાહન મોકલી મંગાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કતલખાનાને સોંપાઇ ગયેલા કેટલાય પશુઓને અહીં લાવી ઉગારવામાં આવ્યાં છે. પશુઓની સાથે તેમનાં માલિકોને પણ અહીં રહેવા ખાવાની સુંદર વ્યવસ્થા પૂરી પાડવામાં આવી રહી છે. અહીં રહેતા પશુઓ અને માણસો વચ્ચે એવી તો માયા બંધાઇ ગઇ છે કે આપણને તે જોઇને આશ્ચર્ય થાય આ કેટલકેમ્પમાં છાયા સાથે માયાનું બંધન પણ લાગે છે

કેમ્પમાં રખાતા હોય તે બળદ ખોવાઇ ન જાય અને તરત જ ઓળખી શકાય તે માટે કાનમાં નંબર વાળી બુટ્ટીઓ પહેરાવવામાં આવે છે ઉપરાંત બળદોને વ્યવસ્થિત રીતે હારબંધ ગોઠવવાની સુગમતા માટે તેમનાં શીંગડા પણ રંગવામાં આવે છે. આ બળદોને રોગ ન થાય તે માટે જુદા જુદા રોગની ત્રણ રોગપ્રતિકારક રસી મૂકવામાં આવે છે. પશુઓના ડોકટર દિવસમાં ત્રણ વખત આવી પશુઓની તકલીફ માટે પૂરેપૂરી કાળજીભરી સારવાર કરે છે. પશુના પગના તળીયામાં જીવજંતુથી રોગ ન ફેલાય તે માટે પણ

અનુસંધાન પાન-૨ કોલમ-૨ ઉપર

# 'માની મૂંઝવણ'

"તેજસ મને પેન્સીલ છોલવા આ સંચો આપને? કેટલો સરસ છે? કયાંથી લાવ્યો?" ધરાએ લેસન કરતાં કરતાં પેન્સીલની અણી તૂટી જવાથી તેજસને કહ્યું.

"નહી આપું જા ને!.... મારો સંચો કેમ લીધો?.... આ તો મારો સંચો છે"

"તું કયાંથી લાવ્યો?.... પેલે દિવસે મમ્મી સાથે બજારમાં ગઈ હતી ત્યારે મને તો મમ્મીએ ન અપાવ્યો. તને કયાંથી અપાવ્યો?"

"મને મમ્મીએ નથી અપાવ્યો....એ તો મને જડયો છે"

"જડયો છે? કયાંથી? નિશાળમાંથી?" "હા જા ને, તને શું બધી પંચાત....એ સંચો મારો છે તને નહીં આપું"

"મમ્મી, એ મમ્મી, જો ને આ તેજસ મને સંચો નથી આપતો, તેની પાસે કેવો સરસ સંચો છે? હું માંગુ છું તોય મને નથી આપતો"

રસોડામાંથી આવતા જ મમ્મીએ કહ્યું, ''જયારે જુઓ ત્યારે લડતાં ને ઝઘડતાં, ભણવા બેસાડયાં હોય એમ નહીં કે જરા શાંતિથી કલાક ભણી લઈએ, હંમેશ કંઈ ગરબડ ચાલુ જ હોય તમારી....શું છે તેજસ?... ધરાને પેન્સીલ છોલવા સંચો આપ.... તારો સંચો કયાં ગયો ધરા? તમને બંનેને હમણા જ તો સંચા અપાવ્યાં હતાં. પાછી શાની ધમાલ છે?"

"મમ્મી એ સંચો નહીં, આ તેજસ પાસે છે એ સંચાનું હું કહું છું."

"કયાં છે એ સંચો બતાવતો તેજસ" ને તેજસે ડરતાં ડરતાં ખિસ્સામાંથી સંચો કાઢયો ને માના હાથમાં તેના નાનકડાં ધ્રુજતા હાથે મૂકયો. ગુસ્સે થતાં જ મમ્મી બોલી ઊઠી, "કયાંથી લાવ્યો આ સંચો? કોનો લઇ આવ્યો? સાચું બોલ નહીં તો ખબર લઈ નાંખીશ."

ને રડતાં રડતાં તેજસે કહ્યું, "મને એ જડયો છે."

"આટલો મોંઘો સંચો તને જડયો?.... જેનો ખોવાયો તેને ખબરે ય ન પડી? સાચુ બોલ, નહીં તો તારી સાથે કદી ય બોલીશ જ નહીં"

ને ધ્રુસકે ધ્રુસકે રડી પડતાં તેજસ માને ગળે વળગી પડયો, ડુસકા ભરતાં ભરતાં તેણે તેની ભૂલની કબૂલાત કરતાં કહ્યું. "હિરેન રિસેસમાં પાણી પીવા ગયો હતો ત્યારે તેના દફતરમાંથી મેં એ લીધો હતો, મમ્મી મને એવો સંચો બહુ ગમે છે. મારી ભૂલ થઈ ગઈ, હવે એવું નહીં કરૂં મમ્મી. પણ તું મારી સાથે બોલીશ તો ખરીને!"

ને ત્યારે માતૃ હૃદયની મૂંજવણ ખૂબ વધી જાય છે.

એકબાજુ છે બાળક માટેનો અગાધ પ્રેમ ને બીજી બાજુ તેનાં ચારિત્ર્ય ઘડતરની ફરજ, અને માનવીને આ Possessive instinct – માલિકીની વૃત્તિ આવું કૃત્ય કરવા પ્રેરે એ પણ એક સામાન્ય મનોવૈજ્ઞાનિક હકીકત છે. આવી સમસ્યાનો લગભગ દરેક માને સામનો કરવો પડતો જ હશે

તેનાં ઉકેલરૂપે આપણે આટલું કરીએ તો?....

(૧) બજારમાં અપ્રાપ્ય હોય કે ખૂબ કિંમતી હોય કે દેખાવમાં લોભામણી કે આકર્ષક હોય તેવી વસ્તુઓ બાળક ભલે ઘરમાં વાપરે પણ તેને તે શાળાએ ન જ લાવવા ખાસ સમજાવીએ તો! શાળામાં તેવી વસ્તુ લાવવાથી કદાચ તેનો અહં પોષાતો હશે પણ એ વસ્તુ વસાવી કે વાપરી ન શકે તેવા બાળકોને તે પરિસ્થિતિ માનસિક સંઘર્ષમાં મૂકે છે. તે વસ્તુ બાળકને લોભાવી અયોગ્ય વર્તન આચરવા પ્રેરે છે. તે વિચારીએ તો!

(૨) અને કયારેક સંજોગોવશાત્ કોઇક વાલીના બેધ્યાનથી કે બાળકની ભૂલથી આવી હકીકત બને તો તે ભૂલ થઈ છે, તેની યોગ્ય માફી મંગાવી વસ્તુ પરત કરાવી, બાળકના અહમને હણવાને બદલે ફરી એવી ભૂલ બાળક નહીં જ કરે એવો આત્મવિશ્વાસ તેનામાં કેળવવો ખાસ જરૂરી બને છે.

ભૂલ દરેક માણસની થાય છે, પણ ભૂલને સમજી તેને ફરી ન થવા દેવાની કાળજી રાખનાર માણસ જ મહાન બની શકે છે. પ્રગતિ સાધી શકે છે.

ઉર્મિલા શાહ

---

અનુસંધાન પાન–૧ કોલમ ૨નુ ચાલુ

પૂરેપૂરી કાળજી લેવામાં આવે છે. પશુઓને રોજ વ્યવસ્થિત રીતે સૂર્યપ્રકાશ આપવામાં આવે છે, અને જ્યાં પશુ બેસતા હોય તે જગ્યાને ગેમેકિસિન વિ જંતુનાશક દવા છાંટી જંતુરહિત કરવામાં આવે છે. માણસની જેમ તેમને ત્રણ વખત ખાણુ ઘાસ વિ. પૂરા પ્રમાણમાં આપવામાં આવે છે. કોઇ પશુ ઘાસ કે ખોરાક ન લઈ શકે તે પરથી તેની બિમારીની જાણ તેઓને થાય છે. આ કેટલકેમ્પમાં ૨૨૨૩ બળદ, ૨૧ પાડા, ૯૫ ભેંસ, ૧૭૨ ગાય, અને ૫૮ વાછરડાં, એમ કુલ ૨૫૬૯ પશુઓ હાલમાં છે.

સંતોના સમાગમને કારણે અહીં આવીને રહેલ ઘણાં બધા ખેડૂતોએ વ્યસનમાંથી મુક્તિ મેળવી છે. અને જીવનમાં ધર્મપરાયણતા ગ્રહણ કરી છે, કેટલાંયનાં જીવનમાં પરિવર્તન આવ્યુ છે આ કેટલ કેમ્પમાં માનવધર્મ અને માનવતાનાં આબેહૂબ દર્શન મને થયાં.

ચિરાગ ઘનશ્યામભાઈ પટેલ ૭ બ

**સંસ્થાએ રૂા. ૭૭૦૩૬ દુષ્કાળ રાહત ફંડ બોચાસણવાસી શ્રી અક્ષરપુરૂષોત્તમ સંસ્થાને અર્પણ કર્યા છે.**

# સંસ્થાકીય સમાચાર

**બાલમંદિર** બાલમંદિર अ વિભાગના બાળકોએ તા. ૨૯-૧-૮૮ ને શુક્રવારે વિશાલાનો પ્રવાસ કર્યો, ત્યાં મદારીનો ખેલ અને કઠપૂતળીનો ખેલ ખૂબ રસપૂર્વક જોયાં અને માણ્યાં, કુંભારનાં ચાકડા પર ઘડાતા વિવિધ આકારના વાસણો ખૂબ રસપૂર્વક અને જીજ્ઞાસાપૂર્વક નિહાળ્યાં. ત્યારબાદ જુદીજુદી રમતો રમ્યા અને બટાટા પૌંઆનો નાસ્તો કર્યો નેખૂબ ઉત્સાહથી ખેલ્યાં ને કૂદયાં.

૧૨મી માર્ચે સવારે ૯ વાગે ટાગોર મેમોરિયલ હોલમાં બાળકોએ 'ઋતુઋતુનાં રંગ' કાર્યક્રમ રજૂ કર્યો. હેમંત, શિશિર, વસંત. ગ્રીષ્મ વર્ષા અને શરદ ઋતુનું ચક્ર ને તેની સાથે ઋતુ પ્રમાણે આપણે યોજી કાઢેલાં ઉત્સવો. એ બધાંને બાળકોએ શબ્દ. સંગીત, અભિનય અને નૃત્ય દ્વારા સુંદર રીતે રજૂ કર્યાં ધોમધખતા ગ્રીષ્મના તાપમાં વરરાજાને લઈને જાન આવી; અને લાડીને લઇને જાણે ઇડરિયો ગઢ જીતીને ગઈ, ફાગણ આવતાં હોળીધુળેટીનાં પર્વે સૌ ઘેરૈયા બની રંગગુલાલે રમ્યા, તો ઉત્તરાયણ આવતાં પતંગો ચગાવ્યાં, પેચ લડાવ્યાં ને કાપ્યાં પણ ખરાં. નાતાલ ઉજવી, અને શાંતાક્લોઝે ભેટ આપી સૌ બાળકોના દિલ જીતી લીધાં, ફટાકડા, રંગોળીનાં રંગ તથા ઝગમગતાં દિવડાં લઈને દિવાળી આવી પહોંચી ને સૌ કોઈએ નવા વર્ષની મંગળકામના કરી. ઉત્સવ ઉજવ્યો; ગ્રીષ્મની પ્રખર ગરમીથી આકળવિકળ બનેલાં સૌ કોઈએ મેઘરાજાને વિનંતી કરી અને વાદળના ગડગડાટ અને વીજળીના ચમકાર સાથે થયેલા વર્ષાના આગમનને સૌ બાળકોએ વધાવ્યું સાથે જ મોર કળા કરી ટહુકી ઊઠયા, દેડકાઓ પણ આનંદમગ્ન બની ગયાં; ફરી સૌએ આનંદથી વાવણી કરીને સારા યે ઉત્સવને ઊજવ્યો.

બાળકોનો અદમ્ય ઉત્સાહ, વાલીઓનો અપૂર્વ સહકાર અને શિક્ષકોની તનતોડ મહેનતે આખાય કાર્યક્રમને સફળ બનાવ્યો. આવા નાનાં બાળકોને તૈયાર કરવા ને મહેનત તો માંગે છે જ, પણ વિશિષ્ટ નજર પણ એટલી જ જરૂરી છે, આ માટે શિક્ષકવૃંદ અભિનંદનનું અધિકારી છે. આખાય કાર્યક્રમનું નૃત્યનિર્દેશન શ્રી પ્રીતીબેન મહેતાએ સંભાળ્યું અને કાર્યક્રમનું સફળ રીતે સંકલન શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની કુ. દિપાલી વસાએ કર્યું તે માટે તેમને અભિનંદન, સંસ્થા તેમનાં તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે.

**અભિનંદન** બાલમંદિરના વિદ્યાર્થી ચિ. અભિજિત અજયભાઈ મુન્શીને શંકર્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ આર્ટસ કોમ્પીટીશનમાં માનનીય રાષ્ટ્રપતિ શ્રી વેંકટરામનનાં હસ્તે રોપ્યચંદ્રકઅને સર્ટીફીકેટ મેળવવા બદલ ધન્યવાદ.

કેમલિન તરફથી યોજાતી ચિત્ર સ્પર્ધામાં શહેરકક્ષાએ તથા રાજ્યકક્ષાએ ચિ. **પાર્થ વસંતભાઈ પટેલ**ને પ્રથમ ઈનામ તથા ચિ. **મિહિર સ્નેહલભાઈ શાહ** નેરાજ્યકક્ષાએ આશ્વાસન ઇનામ મેળવવા બદલ અભિનંદન.

**શિશુમંદિર :-**

**રમતોત્સવ** તા. ૧-૨-૮૮ના રોજ ધો. ૧ થી ૪નો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં સંગીતખુરશી દોડ, આંધળી ખિસકોલી, દેડકાદોડ, લીંબુચમચો, દોરડાકુદ, પોટેટો રેસ, ટનલરીલે, સોયદોરો વિ. રમતોની સ્પર્ધામાં બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**આંતરગૃહ સ્પર્ધા :-**

**કેરમ** :- તા. ૯-૨-૮૮

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** :- | નિશિથ ચુડાસમા | ૭ अ | (મેઘનાદ) |
| **દ્વિતીય** :- | કૌશલ દુધિયા | ૭ अ | (રત્નદીપ) |
| **તૃતીય** :- | ગૌરાંગ ગોહેલ | ૭ अ | (ગંગોત્રી) |

**ચેસ** :- તા. ૧૦-૨-૮૮

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** :- | ધ્રુવ શાહ | ૭ ब | (ગંગોત્રી) |
| **દ્વિતીય** :- | નિશિથ ચુડાસમા | ૭ अ | (મેઘનાદ) |
| **તૃતીય** :- | આશિષ વ્યાસ | ૫ अ | (મેઘનાદ) |

**ટેબલ ટેનિસ** :- તા. ૧૨-૨-૮૮

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** :- | ઋષય ત્રિવેદી | ૭ क | (ગંગોત્રી) |
| **દ્વિતીય** :- | પાવન પરીખ | ૭ ब | (ગંગોત્રી) |
| **તૃતીય** :- | અંજન પટેલ | ૭ ब | (ધવલગિરિ) |

**વકતૃત્વ સ્પર્ધા** :- તા. ૧-૨-૮૮

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** :- | વિશાલ કાપડીયા | ૫ क | (મેઘનાદ) |
| **દ્વિતીય** :- | ધવલ મહેતા | ૬ अ | (ધવલગિરિ) |
| | અલકેશ વસાવડા | ૭ क | (ધવલગિરિ) |
| **તૃતીય** :- | રચના પટેલ | ૭ अ | (ગંગોત્રી) |
| | જપન પાઠક | ૬ अ | (ધવલગિરિ) |

**ઉત્સવો :-** તા. ૨-૩-૮૮નાં રોજ હોળીના પર્વ નિમિત્તે હોળીનાં ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો, ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુલાલથી રંગાઈ અને સૌ કોઈને રંગીને ખૂબ આનંદ માણ્યો.

**પ્રદર્શન :-** વિદ્યાર્થી ભાઇબહેનોએ પોતે જ બનાવેલ સુંદર અને કલામય નમુનાઓનું એક પ્રદર્શન તા. ૧૪ અને ૧૫મી માર્ચના રોજ યોજવામાં આવ્યું.વિદ્યાર્થી ભાઈબહેનોએ અને વાલીઓએ તેની મુલાકાત લીધી.

**વકતવ્ય :-** તા. ૧-૨-૮૮ મોતીભાઇ અમીનની પુણ્યતિથિ, તા ૮-૨-૮૮ ડો. ઝાકિરહુસેનની જન્મજયંતિ, તથા તા ૧૩-૨-૮૮ શ્રીમતી સરોજીની નાયડુની જન્મજયંતિ નિમિત્તે વિદ્યાર્થીઓએ પ્રસંગોચિત સુંદર વક્તવ્ય રજૂ કર્યા.

**પ્રવાસ :-** સંસ્થામાં નીચે મુજબ પ્રવાસો યોજાયા.

તા ૨૦-૨-૮૮ ધો. ૫ના ભાઇઓ માટે મહુડી વિજાપુરનો પ્રવાસ

તા. ૧૩-૩-૮૮ ધો. ૭ના ભાઇઓ માટે ઓચાસણ કેટલ-કેમ્પની મુલાકાત

તા. ૧૯ અને ૨૦-૩-૮૮ ધો. ૫ની બહેનો

માટે ડાકોર ઉત્કંઠેશ્વરનો પ્રવાસ.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :–**

તા. ૨૬–૨–૮૮ના રોજ સવારે ૯ વાગે અને રાતનાં ૮-૩૦ વાગે ટાગોર મેમોરિયલ હોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં શ્રીકૃષ્ણનાં જીવનનાં કેટલાંક પ્રસંગોને વિદ્યાર્થીઓએ ભાવવાહી રીતે રજૂ કર્યા. સારાય કાર્યક્રમનું સંગીત, શબ્દરચના, નૃત્ય અને અભિનય ખૂબ સુંદર અસર ઊપજાવી રહ્યાં. આખાય કાર્યક્રમનું નૃત્ય નિર્દેશન શ્રી પ્રીતીબેન મહેતાએ કર્યું. સંકલન કરી સુંદર રજુઆત ભૂતપૂર્વ વિદ્યાર્થીની કુ. દિપાલી વસાએ કરી અને આખાય કાર્યક્રમને સ્વર આપ્યા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની કુ. આનતિ શાહ હાઈસ્કુલનાં વિદ્યાર્થીની કુ. મૌસમી વ્યાસ અને કુ. પૂર્વી શાહે, કાર્યક્રમની સફળતા માટે આ સૌનો આભાર અને ધન્યવાદ. કૃષ્ણ અને રાધાના પાત્રો સાચેજ ચિરઃસ્મરણીય બની રહ્યાં. ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમની સફળતાનાં એટલાંજ યશભાગી છે, તે સૌને ધન્યવાદ અને સાથે સાથે આખાય કાર્યક્રમનાં આયોજનમાં શિક્ષકમિત્રોએ જે જહેમત ઊઠાવી છે તે માટે સંસ્થા ધન્યવાદ આપવા સાથે ગૌરવ અનુભવે છે. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી અતુલભાઈ ભટ્ટ બાળકો માટેના અપાર પ્રેમથી પ્રેરાઈને બાળકોને પ્રોત્સાહિત કરવા ભાગ લેનાર બધાંજ બાળકોને લ્હાણી આપી તે માટે આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

**અભિનંદન** શંકર્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ્ આટર્સ્ કોમ્પીટીશનમાં ધો.૧ कમાં ચિ.પ્રિયાંગી અજયભાઇ મુન્શીને માનનીય રાષ્ટ્રપતિશ્રી વેંકટરામનના હસ્તે રૌપ્યચંદ્રક અને સર્ટીફીકેટ એનાયત થયું તે માટે ખૂબ ધન્યવાદ. ઉપરાંત સમારંભમાં હાજર રહેનાર બધાં જ બાળકોમાંથી રાષ્ટ્રપતિશ્રીને પુષ્પગુચ્છ આપવા માટે તેઓ પસંદગી પામ્યાં તે પણ આનંદની વાત છે.

* ગુજરાત રાજ્ય લલિતકળા એકાદમી તરફથી યોજાતી ચિત્ર સ્પર્ધામાં કુ અર્પી સ્નેહલભાઇ શાહને ઇનામ તથા સર્ટીફીકેટ મેળવવા બદલ અભિનંદન.

* કેમલિન કલર તરફથી યોજાતી ચિત્રસ્પર્ધામાં અંકુર રાજુભાઈ શાહ ( ૫ क ) શહેર કક્ષાએ અને બીજલ દિલીપભાઈ શાહ રાષ્ટ્રીય કક્ષાએ સર્ટીફીકેટ મેળવે છે તે માટે તેમને ધન્યવાદ.

* "ઇન્ડીયન કાઉન્સીલ ઓફ સોશિયલ વેલફેર" યોજીત ચિત્રસ્પર્ધામાં ચિ. ઋતુલ ભટ્ટ ( ૨ अ )ને પ્રથમ પ્રથમ ઈનામ મેળવવા બદલ અભિનંદન.

* હૈદ્રરાબાદ ખાતે "યંગ ટેલેન્ટસ ઓફ ઇન્ડીયા" આયોજીત ચિત્ર સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણ ચંદ્રક મેળવવા બદલ ચિ. વૈશલ અજયભાઈ શાહને અભિનંદન

ગુજરાત કલબ ખાતે યોજાયેલ "કામા ચેસ ચેમ્પીયનશીપ" માં ચિ. ઝીલ ગૌરાંગભાઇ મહેતાને બીજુ ઇનામ પ્રાપ્ત કરવા બદલ ધન્યવાદ



માનનીય રાષ્ટ્રપતિ શ્રી વેંકટરામનને પુષ્પગુચ્છ અર્પણ કરતાં ચિ. પિયાંગી મુન્શી

**વિનયમંદિર :–** જાન્યુઆરીનાં અંતમાં એ. જી. હાઇસ્કુલનાં આચાર્ય શ્રી શંભુભાઇ પટેલે હાયર સેકન્ડરીના વિદ્યાર્થી ભાઇબહેનોને જીવનમાં પ્રગતિ કેવી રીતે કરવી અને શિસ્તનાં મહત્વવિષે ખ્યાલ આપતું પ્રવચન આપ્યું.

તા. ૩–૨–૮૮નાં રોજ મુંબઈની શાળાના નિવૃત્ત આચાર્ય શ્રી અંજારિયાએ તેમના પ્રવચન દ્વારા બાળકોને નિયમિત અભ્યાસ કરી શિસ્તપાલન દ્વારા પ્રગતિ સાધવા માટે પ્રોત્સાહિત કર્યા.

તા. ૧૨–૨–૮૮નાં રોજ નિવૃત ટેસ્ટ અમ્પાયર શ્રી સ્વરૂપ કિસનજીએ શાળાની મુલાકાત લીધી હતી. જીવનનાં દરેક ક્ષેત્રમાં શિસ્તની કેટલી જરૂર છે. તે તેમણે સુંદર રીતે સમજાવ્યું; અને ક્રિકેટનાં નિયમો અંગે વિદ્યાર્થી ભાઇબહેનોનાં પ્રશ્નોનાં સુંદર પ્રત્યુત્તર આપ્યાં.

તા. ૪–૨–૮૮નાં રોજ સેકન્ડરી વિભાગના ભાઇબહેનોએ સ્વયંશિક્ષણ દિન નિમિત્તે જાતે જ અધ્યાપન કાર્ય સંભાળ્યું.

તા. ૨૦–૧–૮૮નાં રોજ ધો. ૧૨ નાં વિદ્યાર્થી ભાઇબહેનોનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો. વિદ્યાર્થી ભાઇબહેનોએ ગુલાબ પ્રદાન કરી શાળા પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરી. સંસ્થાનાં નિયામક શ્રી હિનુભાઇએ, હેડમાસ્તર શ્રી દેવેન્દ્રભાઇએ તથા શિક્ષકભાઈઓએ વિદ્યાર્થીઓને ભાવિ પ્રગતિ માટે હૃદયપુર્વક આશીર્વાદ આપ્યા. આ વિદાય સમારંભમાં શ્રી વિરેન્દ્રભાઇ ગાંધી તરફથી આઇસ્ક્રીમનો ઉપહાર આપવામાં આવ્યો તે માટે સંસ્થા તેમનોઆભાર માને છે.

**અભિનંદન** અમદાવાદ સ્ટડી સર્કલનાં ઉપક્રમે ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીમાં યોજાયેલ 'Science Quiz'માં ધો. ૯ નાં ચિ. નિરવ શાહ ઝોનલ ફાઈનલ માટે પસંદગી પામ્યા છેતે માટે તેમને ધન્યવાદ.

**શાળાનું નવું સત્ર તા. ૧૬–૬–૮૮ થી શરૂ થશે**

તંત્રી મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૩૮૦૦૦૭.